વર્ષ ૩ * સળંગ અંક ૪૦ * જાન્યુઆરી, ૨૦૧૦ * પાના : ૨૦ *** Regd. No. MH/MR/South-135 2009-11
RNI Regd. No. MAHGUJ / 2006 / 18379

પ્રમુખ સ્થાનેથી.....

સ્નેહી સ્વજન,

જય જિનેન્દ્ર !

"ચાલો એકત્ર થઈ આપણે દિપક પ્રગટાવીએ,
ઉર્જાના કણકણથી સંકલ્પની જયોત જગાવીએ,
અત્ર, તત્ર, સર્વત્ર અવિરત પ્રકાશ ફેલાવીએ,
છેદી અજ્ઞાનના તિમિર પ્રજ્ઞાને વહેતી રાખીએ !"

શિક્ષણ અને દવા રાહતના વિસ્તારીત ફલકને સતત લક્ષમાં રાખી સમાજોત્કર્ષ માટે પ્રત્યક્ષ અને પરોક્ષ સવોન્મુખી સ્વયંસ્ફૂરિત અભિયાન આપણે છેડયું છે. સેવા, સંસ્કાર અને શિષ્ટાચારના ફલિત બીજ દ્વારા પ્રયાસો અને પ્રયત્નોના અપાર વૈભવ થકી જવાબદારીનું નિર્માણ કરાવી સર્વે સભ્યોને સામાજિક સ્ત્રોતમાં પ્રવૃત્તિમય રાખી દૂર ગામી ઉત્કૃષ્ટ પરિણામોની શૃંખલા સર્જવી છે. પ્રતિકૂળતાને અનુકૂળતામાં ફેરવી ચિરંતન પ્રેરણાના પ્રકાશનુ સિંચન જીવન જીવવાની અને જીરવવાની અદ્દભુત શકિતનું સંવર્ધન કરવું છે. વરિષ્ઠ અને વિશિષ્ઠ સભ્ય મહાનુભવોની પ્રતિભાશક્તિ તથા નૈસર્ગિક વાર્ધકયના સામર્થ્યને નવા પરિપ્રેક્ષ્ય સાથે સન્માનવું છે.

તા.૧૦-૦૧-૨૦૧૦ ના રોજ શ્રી પાટણ જૈન મંડળ મેડીકલ સમિતિ દ્વારા જોન્સન એન્ડ જોન્સનના સહયોગથી સંસ્થાના સભાગૃહમાં આર્થરાઈટીસ સ્પેશ્યાલીસ્ટ ડૉ.અરૂણ મુલ્લાજીના સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. મેડીકલ સમિતિના સભ્યો અને અન્ય કાર્યકર્તાઓનું અનન્ય યોગદાન સ્પષ્ટ દેખાઈ આવતું હતું. સમાજના લગભગ ૧૭૫ સીનીયર સીટીઝનોએ આ સેમીનારમાં ભાગ લીધો હતો. ડૉ.મુલ્લાજીએ સરળ ગુજરાતી ભાષામાં તેમનું માહિતીસભર સ્લાઈડ શો સાથે વકતવ્ય આપ્યુ હતું.

આવા ઉત્કૃષ્ટ સેમીનારના આયોજન બદલ સર્વેને અભિનંદન આપી આભારની લાગણી વ્યકત કરૂં છું.

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા રવિવાર, તા. ૧૭-૦૧-૨૦૧૦ ના રોજ યુનિવર્સિટી સ્પોર્ટસ પેવેલીયન, મરીન ડ્રાઈવ ખાતે આયોજીત રમતગમતની હરિફાઈમાં સમાજના નાના-મોટા મળી લગભગ ૨૭૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પોર્ટસ સમિતિના સભ્યો અને અન્ય કાર્યકર્તાઓએ સખત અને સતત પરિશ્રમ કરી અદ્દભુત આયોજન કરવા બદલ હું તેઓનો હાર્દિક અભિનંદન પાઠવું છું. વિનાવિલંબે સરળતાપૂર્વક પાર પડેલ આ રમતગમતને અનન્ય સફળતા મળી હતી.

સમાજ વિકાસ ફંડ અને રીવોલ્વીંગ ફંડ અંતર્ગત સંસ્થાને અત્યાર સુધી લગભગ રૂપિયા અઢી કરોડનું દાન મળેલ છે. જેમાં શ્રી કંચનલાલ વાડીલાલ શાહ (મનમોહનજીની શેરી) રૂા.૫૦,૦૦૦/-, શ્રી નરેશભાઈ સેવંતીલાલ શાહ (કનાસાનો પાડો) રૂા.૧૮,૦૦૦/- તથા શ્રીમતી કાનલબેન હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહ (કપુર મહેતાનો પાડો) રૂા.૧૧,૦૦૦/- નો સમાવેશ થાય છે. સમાજ ઉત્કર્ષ માટેના આપના આ યોગદાન બદલ હું આભારની લાગણી વ્યકત કરૂં છું.

આપ સૌને વિદિત જ છે કે, સંસ્થાએ ચાલુ કરેલ શૈક્ષણિક રીવોલ્વીંગ ફંડ અંતર્ગત દાનગંગાનો પ્રવાહ નિરંતર ચાલુ રહ્યો છે. શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ (કુંભારીયા પાડો)એ રૂા.૨૫ લાખ તથા શ્રીમતી ભગવતીબેન વિનોદભાઈ માટલીવાલા (કનાસાનો પાડો)એ રૂા.૨૫ લાખ આપવાનું નકકી કરેલ છે. (દર વર્ષે રૂા.૫ લાખ પાંચ વર્ષ સુધી) સંસ્થામાં આપ મહાનુભવોની આભારી છે.

સંસ્થા તો જીવન સાગરમાં જીવન નૈયા બની દિશાસૂચક બની રહે પતવાર તો દાનેશ્વરી દાતાઓ અને સમર્પિત કાર્યકરો જ સંભાળી શકે. એકમેકને મન અંતરિક્ષમાં રાખી સુખની વણથંભી વણઝારનું નિર્માણ કરવું છે અને સમાજોત્કર્ષના નવા ચીલાઓ ચાતરવા છે. અલબત્ત એકમેકના સાથ, સહવાસ અને સહકાર સાથે જ ! પરિવર્તન તથ્ય અને સત્ય છે તેની ગરિમા જાળવવા સમાજ, સંસ્થા અને સભ્યોના પુનઃ સંપર્કનું પ્રયોજન અસ્થાને નથી જ !

જીવનનું ધ્યેય છે કે ચાહવુ, સમજવુ અને સર્જવુ !

આભાર ...

❑ પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ

સંપાદકીય.....

# 'ધ હોમ કમીંગ'

## Cheer to a New Year and another chance for us to get it right - oprah winfrey

લ્યો, ફરી નવું વર્ષ આવ્યું. નવી તારીખો સાથે, નવું કેલેન્ડર, ઘરની, ઓફિસની, સ્કૂલોની દિવાલો પર લાગી ગયું. જેમાં નવી આશા, નવી શ્રધ્ધાનો સંદેશો રહેલો છે. નવાની સાથે હંમેશા નવો રોમાંચ પણ જોડાયેલો હોય છે. પહેલી વખત બાળક પહેલું પગલું ભરે ત્યારનો રોમાંચ અનોખો હોય છે. સુંદર મજાના ખીલેલાં ફૂલને જોઈને માળીને જેટલો આનંદ થાય છે, તેનાં કરતાં વધુ આનંદ નવી ફૂટેલી કૂંપળ જોઈને થાય છે. કૂપળમાં ફૂલ બનવાની શક્તિ છે પણ જો માળી તેની બરાબર માવજત કરે તો. આવી જ વાતને અનુસરતાં એવું કહેવાય છે કે મહાન સાહિત્યકારોના ચક્ષુઓ દૂર દૂર સુધી નજર ફેંકી શકે છે. તેઓ પોતાના જીવનકાળ દરમ્યાન જે કંઈ જુએ છે. જે કાંઈ લખે છે. તેની માવજત એવી તો સરસ રીતે કરે છે કે તે સૈકાઓ સુધી ચિરંજીવ અને પ્રસ્તુત રહે છે. ૧૦૦ વર્ષ પછી પણ તેમણે જાણે કે હાલના સમયને અનુલક્ષીને લખ્યું હોય એવું જ લાગે છે.

મુંબઈની ખ્યાતનામ સ્કૂલોમાં નવેમ્બર-ડીસેમ્બરથી જ પ્લે ગ્રુપ, નર્સરીનાં નાનાં નાનાં ભુલકાઓને એડમીશન આપવાનું ચાલુ થઈ જાય છે. માતા-પિતા ખૂબજ ઉત્સાહથી અથવા તો બીજાંની દેખાદેખીથી પોતાના નિર્દોષ અને લાડકવાયા સંતાનને મનગમતી સ્કૂલમાં એડમીશન વાયા ડોનેશનથી મેળવ્યાનો અનેરો આનંદ પામીને પોરસાઈ જાય છે. માતાના હુંફભર્યા ખોળામાં બેસાડીને રમાડવાની બદલીમાં પારકાને ભરોસે મૂકી દે છે. જ્યાં બાળકની માવજત પણ બરાબર થતી નથી.

**કવિવર રવિન્દ્રનાથ ટાગોરે** પણ ૧૯ મી સદીના અંત ભાગમાં બાળપણનો ભોગ લેતી વિષચક જેવી શિક્ષણ પધ્ધતિ સામે **'ધ હોમ કમીંગ'** નામે ટૂંકી વાર્તા લખી હતી કે આજે પણ હૃદયસ્પર્શી અને ચોટદાર લાગે છે. મમતાનો પાલવ હાથમાંથી છોડાવીને સ્કૂલમાં મૂકી દેતા, એવા આધુનિક મમ્મી-પપ્પાને અર્પણ **'ધ હોમ કમીંગ'**.

ફતીક ચક્રવર્તી નામના એક બાળકને ગામડામાં રહેતી તેની મા કલકત્તામાં રહેતા ફતીકના મામાને ત્યાં ભણવા મૂકે છે. ફતિકને ગામડાનાં મિત્રો, તળાવ, વડલાનું વૃક્ષ, તેનો છાંયો, ગામની ધૂળ વગેરેનો સાથ છૂટી જાય છે. શહેરમાં તે સેટ થઈ શકતો નથી. તેનું મન માનતું નથી. મામી પણ તેની સારસંભાળ બરાબર લેતી નથી અને ફતીકને વહાલ પણ કરતી નથી આને પરિણામે ધીમે ધીમે ફતીક ભણવામાં હોશીંયાર થવાને બદલે સ્કૂલમાં ઠોઠ સાબિત થાય છે. અને શિક્ષક તથા અન્ય વિદ્યાર્થીઓ દ્વારા તિરસ્કૃત થાય છે.

ફતીકને વારંવાર તેની મા યાદ આવે છે. મામા-મામીને તે વિનંતી કરે છે કે ગામમાં તેની મા પાસે લઈ જાય. પણ મામી માનતી નથી. ગામડાંનો આ નિર્દોષ બાળક શહેરમાં સૌથી ઓશીયાળો અને હડધૂત છોકરો થઈને રહી જાય છે.

એકવાર ભારે વરસાદ આવ્યો અને રાત્રે ફતીક કોઈને કહ્યા વિના રસ્તાની કોઈ સમજ વિના પોતાની માને મળવા ઘર છોડી ચાલી નીકળ્યો. અડધી રાત્રે પોલીસ તેને ઠંડીથી ધ્રુજતો તેના મામાના ઘરે પાછો મૂકી ગઈ. ફતીકનું શરીર તાવથી ધગધગી રહ્યું હતું. અને કૃશ શરીરની આંખો ઉતરો ગઈ હતી. કદાચ હવે તેની પાસે જીવનના બે પાંચ વાક્યો જ બોલવાના બચ્યા હતા. મામાએ ફતીકની મા ને ગામથી તેડાવી લીધી. બીજે દિવસે મા આવી અને પોતાના ખોળામાં ફતીકનું માથું મુકીને વ્હાલથી હાથ ફેરવવા લાગી. મા ની આંખોમાંથી આંસુનાં બુંદ ફતીકના મસ્તક પર પડવા લાગ્યા. ફતીકને ખૂબ શાંતી લાગી મા ના જે પ્રેમ , વ્હાલ અને લાડ માટે તે તરસતો હતો. તે બંધુ જ તેને મળી ગયું. અને ફતીકના મોઢામાંથી શબ્દો નીકળી પડયા, તે બોલ્યો; **'મા, હવે મારી લાંબી રજાઓનો સમય આવી ગયો છે.'**

રવિન્દ્રનાથ ટાગોરની આ વાર્તા આજે પણ આપણાં સૌનાં આંતરમનને સ્પર્શી જાય છે. જ્યારે કોઈ હોઠ-બે વર્ષનાં નાનાં માસૂમ બાળકને રડતું રડતું ઉચકીને એની મમ્મી 'પ્લે ગ્રુપ કે નર્સરી' માં મૂકી આવે છે. ત્યારે અહીં એક નવા ફતીકનો જન્મ થાય છે. પહેલાંના જમાનામાં બાળક પાંચ-સાત વર્ષનું થાય ત્યાર પછી જ તેને સ્કૂલમાં ભણવા મૂકાતો. ત્યાં સુધી એ બાળક પોતાના પરિવારમાં, બહાર શેરીઓમાં, પોતાના મિત્રો સાથે હસતો, રમતો મોટો થઈ જતો અને સ્કૂલમાં ભણવા જવાનો પણ તેને અનેરો આનંદ આવતો. તેની નાની આંખોમાં જિજ્ઞાસા રહેતી. આજે આ નાનાં બાળકો હસવા, રમવાનું શીખતાં પહેલાં જ 'A for Apple' ગોખતા શીખે છે. પોતાની આસપાસની દુનિયા પોતાની નિર્દોષ આંખે નહી પણ બ્લેક બોર્ડની આંખેથી જુવે છે. 'ટવીંકલ ટવીંકલ લીટલ સ્ટાર' નાં સુરો કે તેના શબ્દોને આ બાળક સ્પર્શી શકતો નથી. તેનું બાળપણ ખોવાઈ જાય છે.

આજના આધુનિક યુગમાં, સ્પર્ધાત્મક શિક્ષણની દોડમાં, તેનાં વિષચક્રમાં માતા-પિતા પણ ફસાય છે. જલ્દીથી પોતાના બાળકને ભણાવી-ગણાવી તૈયાર કરવાના સ્વપ્નની દોડમાં ગુમરાહ બને છે પાંચ વર્ષની ઉમરે ચશ્મા પહેરતો બાળક ૨૫ વર્ષની ઉમર થતાં સુધીમાં ૬૦ વર્ષની જીંદગીનો બોજ ખમી જવાનો છે.

શું આપણને સૌને એમ નથી લાગતું કે રવિન્દ્રનાથનો આધુનિક ફતીક કદાચ નવી શિક્ષણ પધ્ધતિમાં શ્વાસ લેવાની મોકળાશ માંગી રહ્યો છે ?



**Happy New Year to all my lovely, Little Children, From your's Lovely Santa Clause.**



**શ્રીમતી ભારતી ભગુભાઈ શાહ**
**શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ**
❑ **માનદમંત્રીઓ, સંપાદક સમિતિ**

## ૨૬ મી જાન્યુઆરી

**૨૬ મી જાન્યુઆરી** એટલેકે **પ્રજાસત્તાક દિન** હમણાં જ આવ્યો અને ગયો. નવું વર્ષ ઈસુનું હોય કે પછી રાષ્ટ્રની આઝાદીની વર્ષગાંઠ રૂપે આવતું હોય દરેક નવું વર્ષ આપણને આપણી ભૂતકાળની કામગીરીનું મૂલ્યાંકન કરવાની એક તક આપે છે.

**૧૫ મી ઓગષ્ટ ૧૯૪૭ માં આપણો દેશ આઝાદ થયો. પંડિત નેહરૂ પ્રથમ વડાપ્રધાન અને સરદાર વલ્લભભાઈ પટેલ નાયબ વડા પ્રધાન બન્યા.** અંગ્રેજોએ જે કાયદા ઘડેલા હતા, તે પ્રમાણે ૩ વર્ષ સુધી આપણાં દેશનું રાજ્ય ચાલ્યુ. **૧૯૫૦** નાં **જાન્યુઆરીની ૨૬** મી તારીખે આપણાં દેશમાં આપણું જ - પ્રજાનું રાજ્ય થયું. તે દિવસે ભારતની પ્રજા સુખી થાય, તેને સર્વ પ્રકારની સુવિધા મળી રહે તેવા શુભાશયથી નવા કાયદા અમલમાં આવ્યા રાજ્યના કાયદાની આવી વ્યવસ્થાને રાજ્યબંધારણ કહેવાય છે. આપણાં દેશનું બંધારણ વિખ્યાત **ધારાશાસ્ત્રી માનનીય બાબાસાહેબ આંબેડકરે** રચ્યું છે. ભારતની પ્રજા ૧૯૫૦ ની ૨૬ મી જાન્યુઆરીથી પ્રજાસત્તાક દિનની ઉજવણી ધ્વજવંદનના કાર્યક્રમ સાથે શાનદાર રીતે કરે છે.

નવી દિલ્હીમાં ભવ્ય પરેડ નીકળે છે અને દેશના પ્રત્યેક રાજ્યની કલા અને સંસ્કૃતિની ગાથા ગાતી ગૌરવવંતી કૃતિઓની ઝાંખી જોવા મળે છે. રાષ્ટ્રને માન આપવા માટે સમગ્ર ભારતની પ્રજા એક થઈને હર્ષતોર આ દિવસને 'વંદે માતરમ્' નાં સૂરોથી સજાવે છે.

### સામાન્ય સમિતિની સભાની ખબર

શ્રી પાટણ જૈન મંડળની વાર્ષિક સામાન્ય સભા ગુરૂવાર, તા. ૨૮-૧-૨૦૧૦ ના સાંજે ૬.૩૦ ક્લાકે શ્રી પાટણ જૈન મંડળના સભાગૃહ, ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૨૦ ખાતે પરિપત્રમા જણાવ્યા અનુસારના કામકાજ માટે મળશે, તો તે સમયે સંસ્થાના સભાસદોને સમયસર પધારવા વિનંતી છે.

**માનદ મંત્રીઓ (એડમીનીસ્ટ્રેશન)**

## ૩૦ મી જાન્યુઆરી

***ગાંધી નિર્વાણ દિન, મોહન થી મોહન, વાયા મહાવીર***

એક વિવેચકે કહયું છે કે; ''**મોહન (શ્રી કૃષ્ણ) થી મોહન (મોહનદાસ કરમચંદ ગાંધી) વાયા મહાવીર**'' આ ત્રણે મહાત્માઓએ યુગે યુગે જન્મ લઈને પોતપોતાની રીતે સમાજને **સુખનું સરનામું અને શાંતિનું ઘર** આપવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે. શ્રી કૃષ્ણે જીવનમાં કોઈ વ્રત કે તપ નથી કર્યા. જ્યારે મહાવીરે ભરપૂર તપ કર્યુ છે. અને મહાત્મા ગાંધીએ જીવનભર વ્રત-પાલન કર્યુ છે. **મહાત્મા ગાંધીએ મહાવીરની અહિંસાને પ્રાધાન્ય આપી. સમગ્ર જગતને અહિંસાની તાકાતનો પરચો બતાવ્યો.** તોપો-બંદુકો ધરાવતા અંગ્રેજ શાસનને માત્ર અને માત્ર અહિંસાના માર્ગે ગાંધીજીએ પરાજિત કર્યુ. એ સૌથી મોટો ચમત્કાર છે. પૂ. ગાંધીજીમાં ધીરજ અને ભરપૂર આત્મવિશ્વાસ હતા. એક મોહન સુદર્શન ચક્રધારી ..... બીજો મોહન ચરખાધારી, એક મોહન પીતાંબરધારી ...... બીજો મોહન પોતડીધારી, એક મોહન બંસરીવાળો.... તો બીજાંના હાથમાં સત્યની લાકડી. મહાવીરે લોકોને **સત્ય, અહિંસા, અપરિગ્રહનો માર્ગ બતાવ્યો. મહાત્મા ગાંધીએ તે જ માર્ગ જીવનભર અપનાવ્યો.** આ ત્રણે, વિભૂતીઓના આત્મનિરિક્ષણ એકસમાન હતા.

૨ જી ઓક્ટોબરનાં રોજ પોરબંદરમાં જન્મેલા મહાત્મા ગાંધીએ સમગ્ર ભારતદેશની ધરતીને પોતાની કર્મભૂમિ બનાવી હતી. **'રઘુપતી રાઘવ રાજારામ', વૈષ્ણવ જન તો તેને રે કહિયે'** નો ભક્તિભાવના ભજનો દ્વારા તે જનજનના પિતા બન્યા હતા. વિખ્યાત **વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈને** રાષ્ટ્રપિતાને માટે કહ્યું હતું કે; **આવતી કાલની પેઢી ભાગ્યે જ એમ માની શકશે કે આવો એક મહાન પુરૂષ, એક મહાન આત્મા, આ ધરતી પર ચાલ્યો હશે' મહાત્મા ગાંધી 'મેન ઑફ દ મિલેનિયમ'** બની ગયા અને **મોહન માંથી મહાવીર બનીને,** ખ્યાતિ મેળવીને સમગ્ર ભારતનાં જ નહિ, પણ વિશ્વના એક વંદનીય વિભૂતી બની ગયા. **૩૦ મી જાન્યુઆરીના નિર્વાણ દિને પૂ. બાપૂનાં ચરણોમાં કોટિ કોટિ વંદના.**


sambhav
comfy living

ENGINEERS & DEVELOPERS
REAL ESTATE DEVELOPERS OF
RESIDENTIAL / COMMERCIAL PROPERTIES

SAMBHAV TRADE TOURS
TRADE FAIR / LEISURE TOUR ORGANISERS

★ Trade Fair Tours
★ Incentive Tours
★ Leisure Tours
★ International / Domestic Hotel Booking
★ International / Domestic Air Ticketing
★ Visas / Overseas Mediclaim Assistance

JITEN SHAH, FCP, International Co - ordinator, JITO
DHARMEN SHAH
MONA SHAH
(KANASA NO PADO, PATAN)

Corporate Office: Sambhav House, Veera Desai Road, Andheri (West), Mumbai - 400 053. INDIA
Tel. No.: +91 - 022 - 26740533 Telefax: +91 - 022 - 26741589
Email: sambhavgroup@sambhav.in / sambhav@vsnl.net Website: www.sambhav.in
જા x ૫

# ક્રિકેટ ટુર્નામેન્ટ

શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટસ સમિતિ દ્વારા દર વર્ષની માફક ચાલુ સાલે પણ ૨૦-૨૦ ઓવરોની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. જેની સઘળી મેચો કર્ણાટક એસોશીએશન ગ્રાઉન્ડ ખાતે રખાયેલ. આ સ્પર્ધામાં મુંબઈના જુદા જુદા વિસ્તારની ચાર ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. અંતે ફાઈનલ મેચ નીચે મુજબની બે ટીમો વચ્ચે રમાયેલ.

અંધેરી-વિલેપાર્લે-ગોરેગામ ની ટીમે ટોસ જીતીને પહેલા બેટીંગ કરતા ૨૦ ઓવરમાં ૧૧૯ રન કર્યા હતા. પાટણ ક્રિકેટ ક્લબના સમીર પંકજભાઈ શાહે ૪ વિકેટ ૪ ઓવરમાં લેતા તેને બેસ્ટ બોલરનું ઈનામ મળ્યું હતું.

પાટણ ક્રિકેટ ક્લબે ૧૯ ઓવરમાં ૫ વિકેટ ૧૨૦ રન કરીને જીતી ગયું હતું. શ્રી કવીશ પરાગભાઈ ઝવેરીએ ૪૮ રન કર્યા હતા. તેને બેસ્ટ બેટસમેન તેમજ મેન ઓફ ધ મેચનું ઈનામ મળ્યું હતું.

ક્રિકેટ ટુર્નામેન્ટની વિજેતા ટીમ તથા રનર્સ અપટીમ મે ટ્રાફી, પ્રથમ રાઉન્ડથી ફાઈનલ મેચના મેન ઓફ ધ મેચ, ફાઈનલ મેચના બેસ્ટ બોલર, બેસ્ટ બેટસમેનોને રોકડ પ્રાઈઝ ઉપરાંત બન્ને ટીમના દરેક ખેલાડીઓને બોલપેન સેટ એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.

**તા. ૧૪-૧૨-૨૦૦૯ કર્ણાટક ગ્રાઉન્ડ ક્રોસ મેદાન**

***પાટણ ક્રિકેટ ક્લબ મરીન ડ્રાઈવ વિરૂધ્ધ વાલકેશ્વર પ્રાર્થના સમાજ ક્રિકેટ ક્લબ***

**વિજેતા** : **પાટણ ક્રિકેટ ક્લબ, મરીન ડ્રાઈવ**
**મેન ઓફ ધ મેચ** : શ્રી સુચિત જયરાજ શાહ
**પાટણ ક્રિકેટ ક્લબ, મરીન ડ્રાઈવ**

***અંધેરી -વિલેપાર્લે-ગોરેગામ ક્રિકેટ ટીમ વિરૂધ્ધ બોરીવલી ક્રિકેટ ટીમ***

**વિજેતા** : **અંધેરી -વિલેપાર્લે-ગોરેગામ ક્રિકેટ ટીમ**
**મેન ઓફ ધ મેચ** : શ્રી જીનેન પ્રભાકર શાહ
**અંધેરી -વિલેપાર્લે-ગોરેગામ ક્રિકેટ ટીમ**

**તા. ૨૧-૧૨-૨૦૦૯ કર્ણાટક ગ્રાઉન્ડ ક્રોસ મેદાન**

***પાટણ ક્રિકેટ ક્લબ મરીન ડ્રાઇવ વિરૂધ્ધ અંધેરી-વિલેપાર્લે-ગોરેગામ ક્રિકેટ ટીમ***

**વિજેતા** : **પાટણ ક્રિકેટ ક્લબ, મરીન ડ્રાઈવ**
**મેન ઓફ ધ મેચ** : શ્રી સુચિત જયરાજ શાહ
**પાટણ ક્રિકેટ ક્લબ, મરીન ડ્રાઈવ**

***બોરીવલી ક્રિકેટ ટીમ વિરૂધ્ધ વાલકેશ્વર પ્રાર્થના સમાજ ક્રિકેટ ક્લબ***

**વિજેતા** : **બોરીવલી ક્રિકેટ ટીમ**
**મેન ઓફ ધ મેચ** : શ્રી ચિંતન દિનેશભાઈ શાહ
**બોરીવલી ક્રિકેટ ટીમ**

**તા. ૪-૧-૨૦૧૦ કર્ણાટક ગ્રાઉન્ડ ક્રોસ મેદાન**

***પાટણ ક્રિકેટ ક્લબ મરીન ડ્રાઇવ વિરૂધ્ધ બોરીવલી ક્રિકેટ ટીમ***

**વિજેતા** : **બોરીવલી ક્રિકેટ ટીમ**
**મેન ઓફ ધ મેચ** : શ્રી જીગર યતીનકુમાર શાહ
**બોરીવલી ક્રિકેટ ટીમ**

***વાલકેશ્વર-પ્રાર્થના સમાજ ક્રિકેટ ટીમ વિરૂધ્ધ અંધેરી -વિલેપાર્લે-ગોરેગામ ક્રિકેટ ટીમ***

**વિજેતા** : **અંધેરી -વિલેપાર્લે-ગોરેગામ ક્રિકેટ ટીમ**
**મેન ઓફ ધ મેચ** : **શ્રી સાહીલ શરદભાઈ શાહ**
**અંધેરી -વિલેપાર્લે-ગોરેગામ ક્રિકેટ ટીમ**

**ફાઈનલ મેચ તા. ૧૧-૧-૨૦૧૦ કર્ણાટક ગ્રાઉન્ડ ક્રોસ મેદાન**

***પાટણ ક્રિકેટ ક્લબ, મરીન ડ્રાઇવ વિરૂધ્ધ અંધેરી -વિલેપાર્લે-ગોરેગામ ક્રિકેટ ટીમ***

**વિજેતા** : **પાટણ ક્રિકેટ ક્લબ, મરીન ડ્રાઇવ**
**મેન ઓફ ધ મેચ** : **શ્રી કવીશ પરાગ ઝવેરી**
**પાટણ ક્રિકેટ ક્લબ, મરીન ડ્રાઇવ**
**બેસ્ટ બેટસમેન** : **શ્રી કવીશ પરાગ ઝવેરી** (પાટણ ક્રિકેટ ક્લબ, મરીન ડ્રાઇવ)
**બેસ્ટ બોલર** : **શ્રી સમીર પંકજભાઈ શાહ** (પાટણ ક્રિકેટ ક્લબ, મરીન ડ્રાઇવ)

## -: વોલીબોલ :-

શ્રી પાટણ જૈન મંડળની સ્પોર્ટસ સમિતિ દ્વારા રવિવાર, તા. ૧૭-૧-૨૦૧૦ ના સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન વોલીબોલ સ્પર્ધાનું આયોજન ગોઠવામાં આવેલ. જેમાં મરીન ડ્રાઈવ ખાતેની પાંચ ટીમો ઉપરાંત બોરીવલી ખાતેની એક ટીમે મળી કુલ છ ટીમોએ ભાગ લીધેલ, જેમાં **શ્રી મનીષ ચંદ્રકાંત શાહની** ટીમ વિજેતા તથા **શ્રી તેજસ મુકેશભાઈ પટણીની** ટીમ રનર્સ અપ રહેલ. સ્પર્ધાના અંતે બન્ને ટીમોના દરેક ખેલાડીઓને બેગ ઉપરાંત બોલપેન સેટ એનાયત કરવામાં આવેલ.

## શ્રી પંચાસરા પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળ

**C/o ચંપકલાલ કેશવલાલ શાહ, રબી મેકર એપાર્ટમેન્ટ, વાલકેશ્વર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૬. ફો: ૨૩૬૯૧૧૦૩**

*આગામી શ્રુતજ્ઞાન કસોટીઓનું સમયપત્રક* ● *સમય : બપોરે ૧:૩૦*

વક્તૃત્વ કસોટી : **તા. ૭-૨-૧૦** મરીન ડ્રાઈવ-વિષય સમ્યગ જ્ઞાન થી થતો આત્મવિકાસ તથા મોટા સ્તવનો (બધા માટે)

લેખીત : **તા. ૩૧-૧-૧૦** મરીન ડ્રાઈવ - બે/પાંચ પ્રતિક્રમણ, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, કર્મગ્રંથ, સમરાદિત્ય કેવળી ચરિત્ર મહાકથા (પૂ. આ. ભદ્રગુપ્ત સુરી મ. સા. લિખિત)

**સચિત્ર નકશા** : **(બધા માટે, કોઈ પણ ત્રણ) (૧)** ચૌદ રાજલોક (દેવલોક નારકીના નામો-આયુષ્યો જણાવવાના) **(૨)** અઢી દ્વિપ **(૩)** જંબૂ દ્વિપ (ક્ષેત્રો, પર્વતો અને નદીઓના નામો જણાવવાના) **(૪)** કાળચક્ર (આયુષ્ય ખોરાક ઊંચાઈ વગેરે જણાવવા.)

**મોટા સ્તવનો (મૌખિક બધા માટે)** : તા. **૧૩-૨-૧૦** હીરસુરી પાઠશાળા,મલાડ (ઇસ્ટ), સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), શ્રી પાટણ જૈન મંડળ હોલ, મરીન ડ્રાઈવ, તા. **૧૪-૨-૧૦**, સિધ્ધાર્થ સોસાયટી, શીવ સેના ગલી, ભાયંદર (વેસ્ટ)

**મોટા સ્તવનોની આખરી સ્પર્ધા** : તા. **૨૧-૨-૧૦** શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ, મરીનડ્રાઈવ

**કચ્છની યાત્રામાં લાભ લેનાર :**

૫૦, ૦૦૦/- **શ્રીમતી જ્યોત્સનાબેન કુસુમચંદ્ર શાહ હ. શ્રીમતી રચનાબેન શીરીષભાઈ શાહ**, અંધેરી (કેશુશેઠનો પાડો)
૧૧,૦૦૦/- **શ્રીમતી સંગીતાબેન ચન્દ્રકાન્ત મૂળચંદ શાહ** (સંઘવીનોપાડો)

**તપસ્વીઓના બહુમાન માટે :**

૨૧,૦૦૦/- **ડૉ. રંજનબેન મહાસુખલાલ (બચુભાઈ) પોપટલાલ** (વાસુપૂજ્યની ખડકી -વાલકેશ્વર)

જા X ખ

## શ્રી પાટણ જૈન મંડળ
## આઉટ ડોર ગેમ - એથલેટીક્સ સ્પર્ધા
## રમતોત્સવ આયોજનનો અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળ સ્પોર્ટસ સમિતિ દ્વારા રવિવાર, તા.૧૭-૧-૨૦૧૦ ના સમાજના દરેકે દરેક ભાઈ-બહેનો-બાળકો ભાગ લઈ શકે તેવા શુભ આશયથી સૌ પ્રથમ વખત જ આઉટ ડોર ગેમ એથલેટીક સ્પર્ધાનું ભવ્ય આયોજન યુનિવર્સિટી પેવેલીયન, મરીન ડ્રાઈવ ખાતે કરવામાં આવેલ, જેમાં બે વર્ષથી ૭૨ વર્ષ સુધીના ૨૭૫ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

આ રમતોત્સવમાં ૫૦ મીટર દોડ, ૮૦ મીટર દોડ, ૧૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર ચાલવાનું, લીંબુ ચમચી, કોથળા દોડ, દેડકા કુદ, ગોળા ફેંક, લાંબો કુદકો, વિઘ્ન દોડ, બોલ કલેકટ જેવી રમતોનો સમાવેશ કરવામાં આવેલ. રમતોત્સવની શરૂઆત નવકાર મંત્રના મધુર સ્મરણથી કરવામાં આવેલ.

પારિતોષિક વિતરણ સમારંભની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ દ્વારા પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સ્પોટર્સ સમિતિના આ ભવ્ય આયોજનને બિરદાવી તથા સમિતિના માનદમંત્રીઓ તથા સર્વે સભ્યોને હાર્દિક અભિનંદન આપ્યા હતા. ઉપરાંત વિજેતા ખેલાડીઓને આશિષસહ શુભેચ્છાઓ આપવામાં આવેલ. દરેક રમતોમાં સ્પર્ધાનું વાતાવરણ જળવાઈ રહે તે માટે તટસ્થ અમ્પાયરોની નિમણુંક કરવામાં આવેલ.

રમતોત્સવના અંતમાં દરેક સ્પર્ધાઓના વિજેતા ખેલાડીઓને સંસ્થાના હોદ્દેદારોમાં પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ, ઉપપ્રમુખ શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ, મંડળના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ શાંતીલાલ શાહ, માનદમંત્રી એડમીનીસ્ટ્રેશન શ્રી રાજેન્દ્રભાઈ જયંતીલાલ શાહ, શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ, શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ, માનદમંત્રી (ફાઈનાન્સ) શ્રી મુકેશભાઈ દિલીપભાઈ શાહ, સ્પોર્ટસ સમિતિના માનદમંત્રીઓ શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ, શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ, પ્રોગ્રામ સમિતિના માનદમંત્રી શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ, શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ, શિક્ષણ સમિતિના માનદમંત્રી શ્રીમતી જીમ્મીબેન તરંગકુમાર શાહ, મેડીકલ સમિતિના માનદમંત્રી શ્રી મહેન્દ્રભાઈ હીરાલાલ શાહ, શ્રી સુરેશભાઈ નેમચંદ શાહ, મંડળના દાતા શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા, સ્પોર્ટસ આયોજનના સૌજન્ય દાતાઓ, સ્પોર્ટસ સમિતિના સભ્યો ઉપરાંત સંસ્થાના મેનેજર શ્રી મનુભાઈ જોશીના વરદહસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવેલ.

રમતોત્સવના ઈવેન્ટ ચાર્ટ, વીનર ચાર્ટ તથા અન્ય સર્વે ડેટા સખત પરિશ્રમ લઈ કોમ્પ્યુટરાઈઝ કરી આખાય રમતોત્સવમાં ગ્રાઉન્ડ એનાઉન્સરની ઉત્કૃષ્ટ કામગીરી અદા કરનાર શ્રી સચિન રાજેન્દ્રભાઈ શાહનો આ અવસરે અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો. દરેક સ્પર્ધાના સ્ટારટીંગ પોઈન્ટ તથા અંતિમ છેડે નિયુકત કરવામાં આવેલ શ્રી જતીનભાઈ કીર્તિકુમાર શાહ, શ્રી કેતન મહેન્દ્રકુમાર શાહ, શ્રી પુનિત સૂર્યકાંત શાહ, શ્રી પિયુષ સુરેશચંદ્ર જૈન, શ્રી વિપુલ વિરેન્દ્રભાઈ નગરશેઠ, શ્રી મિલન વિપીનચંદ્ર શાહ, શ્રી ભાવેશ સુધીરભાઈ શાહ, શ્રી નિખીલ મહેન્દ્રભાઈ બેન્કર, શ્રી રાજીવ કેશરીચંદ શાહ, શ્રી મનીષ વિજયચંદ્ર શાહ, શ્રી અતુલભાઈ કીર્તિલાલ શાહ, શ્રી આશિત બિપીનચંદ્ર શાહ, શ્રી મનીષ ચંદ્રકાંત શાહ, શ્રી આકાશભાઈ સુરેશચંદ્ર શાહ (ગુંદરવાલા), શ્રી મુકેશ લલીતચંદ્ર શાહ, શ્રી હેમન્ત વિનોદચંદ્ર દલાલ, શ્રી ઉર્મીલ રાજેન્દ્રભાઈ શાહ, શ્રીમતી શૈલા જતીનકુમાર શાહ, શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ, શ્રીમતી અમીષી ભાવેશભાઈ શાહ વિગેરે સભ્યો પ્રત્યે, વ્યવસ્થિત આયોજનબધ્ધ કામગીરી બદલ તેઓ સર્વે પ્રતિ આભારની લાગણી વ્યકત કરવામાં આવી હતી. સ્પર્ધા દરમ્યાન ઉદ્‌ઘોષણાઓનું કાર્ય સંભાળનાર શ્રીમતી જીમ્મીબેન તરંગકુમાર શાહ તથા શ્રી હિતેશ સુરેશચંદ્ર ગુંદરવાલાનો આ અવસરે આભાર માનવામાં આવેલ. દરેક સ્પર્ધાના અંતે વિજેતા ખેલાડીઓ તથા ફાઈનલ વિજેતા ખેલાડીઓનું સ્ટેટેસ્ટીકલ તૈયાર કરી આપનાર શ્રી સ્વાતીબેન લલીતકુમાર કાપડીયા તથા અન્ય કાર્યકરો પ્રત્યે આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

આયોજનના વિશાળ ખર્ચમાં આર્થિક સહયોગ આપનાર સર્વે દાતાઓ પ્રત્યે આભારભાવ વ્યકત કરવામાં આવે છે.

| | |
|---|---|
| ૨૫,૦૦૦/- | શ્રી મુકેશભાઈ ચીમનલાલ પટણી |
| ૧૫,૦૦૦/- | શ્રી દાનેશભાઈ ભગવાનદાસ શાહ (માટલીવાળા) |
| ૧૧,૦૦૦/- | શ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ |
| ૧૧,૦૦૦/- | શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા) |
| ૧૧,૦૦૦/- | શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ |
| ૧૦,૦૦૦/- | પાટણ કો-ઓપરેટીવ બેન્ક લિ. |
| ૫,૦૦૦/- | શ્રી બાબુભાઈ વીરચંદ શાહ |

દરેક રમતવીરોને રૂા.૪૦૦/- ની ગીફટ વાઉચર આપનાર સ્પેકટસ એન્ડ કોન્ટેકટ લેન્સ સેન્ટરના શ્રી

શૈલેષભાઈ રમણલાલ શાહ પ્રત્યે આભારભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર એ-બી-સી ગ્રુપના સર્વે બાળકોને પ્રોત્સાહનાર્થે વોટર બોટલ તથા ડી-ઈ-એફ-જી ગ્રુપના સર્વે ખેલાડી ભાઈ-બહેનોને સ્મૃતિચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. સવારે મેરેથોન દોડને લઈને બપોરે આરંભાયેલ રમતોત્સવમાં ખુબ જ મોડું થઈ જવાના પરિણામે દોરડા ખેંચ, સંગીત ખુરશી, ત્રણ પગે કપલ દોડ, મોતીની માળા બનાવવી વગેરે સ્પર્ધાઓ ન થઈ શકી તેનો અમને ખેદ છે. રમતોત્સવને નિહાળવા તથા ભાગ લેનાર ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા મોટી સંખ્યામાં જનસમુદાય ઉપસ્થિત રહ્યો હતો. ચાલુ રમતોત્સવ દરમ્યાન પ્રેક્ષકોને પણ મનોરંજન મળી રહે અને તેઓ પણ રમતમાં ભાગ લઈ શકે તેવા શુભ આશયથી લોન્ગ જમ્પ તથા ૪૦૦ મીટર દોડમાં દરેકને ભાગ લેવા હાંકલ કરવામાં આવેલ. બહોળી સંખ્યામાં ભાઈ-બહેનોએ ભાગ લઈ આયોજનકારોનો ઉત્સાહ વધારેલ.

સ્પોર્ટસ સમિતિના ઉપપ્રમુખ શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહના વડપણ હેઠળ યોજાયેલ આ રમતોત્સવમાં માનદમંત્રીઓ શ્રી કમલેશભાઈ તથા શ્રી સંજયભાઈ તેમજ સમિતિના સભ્યો તથા કાર્યકરોએ અવારનવાર ભેગા મળી વિચારવિનિમય દ્વારા વિનાવિઘ્ને સારામાં સારી સગવડ પુરી પાડવા તથા ઈનામો- પારિતોષિકો પસંદગી કરવા, ખરીદવા, કેટરીંગ વ્યવસ્થા, ગ્રાઉન્ડ મેનેજમેન્ટ, બાળકોને સ્પર્ધામાં ક્રમાનુસાર લાઈનમાં તૈયાર રાખવા વગેરે આયોજનમાં સખત પરિશ્રમ લેવા બદલ તેઓ સર્વેને હૃદયપૂર્વક બિરદાવવામાં આવ્યા હતા.

રમતોત્સવના અનન્ય આયોજન તથા કાર્યવાહીમાં શ્રી પાટણ જૈન મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોશી, શ્રી જ્ઞાનેશભાઈ તથા સર્વે કર્મચારીઓ દ્વારા પ્રાપ્ત થયેલ ઉમદા સહયોગ બદલ આદરભાવ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સ્પોર્ટસ સમિતિના આયોજનને સફળતા અપાવવાનું શ્રેય ભાગ લેનાર સર્વે રમતવીરો તથા તેમના પરિવારજનોને ફાળે જાય છે. ભવિષ્યના આયોજનોમાં તેમના તરફથી આથી વધુ ઉત્સાહજનક પ્રતિસાદની અપેક્ષા રાખવામાં આવી હતી. રમતોત્સવ દરમ્યાન ઠંડા પીણા તથા લિજજતદાર ભોજન વ્યવસ્થા પણ રાખવામાં આવેલ. અંતે રમતોત્સવની સુખદ સ્મૃતિઓ વાગોળતા ખુશનુમા વાતાવરણમાં સૌ વિખરાયેલ હતા.

## ૪૫ વર્ષ ઉપરનાઓની ક્રિકેટ મેચ

સમાજના ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ભાઈઓ માટે એક દિવસીય પ્રદર્શન મેચનું તા. ૭-૩-૨૦૧૦ નાં ગોરેગામ સ્પોટર્સ ક્લબ ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ પોતાનું પુરૂ નામ, ઉમર પાટણનો મહોલ્લો, રહેઠાણ વિસ્તાર, મોબાઈલ નંબર સહિતની વિગતો તા. ૧-૩-૨૦૧૦ સુધીમાં મંડળના મરીન ડ્રાઈવ તથા ગોરેગામ ખાતેના કાર્યાલયમાં **રૂા. ૧૦૦/- રીફન્ડેબલ ડીપોઝીટ ભરી નોંધાવવા વિનંતી** છે. જે મેચ પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે.

આ ઉપરાંત મેચનો પૂર્ણ આનંદ મેળવી શકાય તેવા શુભ આશયથી આપ ખેલમાં બેટીંગ, બોલીંગ, ફિલ્ડીંગ, વિકેટ કીપીંગ વગેરેમાંથી જે ક્ષેત્રે વધુ પાવરધા હોય તે ખાસ જણાવશો. જેથી ટીમોની સુયોગ્ય ગોઠવણી કરી શકાય.

❑ **સ્પોટર્સ સમિતિ**

## શ્રી પાટણ દશા ઓસવાળ જૈન જ્ઞાતિ

જ્ઞાતિના સભાસદોને જણાવવાનું કે, આ વર્ષે માર્ચ મહીના દરમ્યાન જ્ઞાતિનું લહાણું આપવાનું વિચાર્યુ છે. લહાણું મેળવવાની તારીખ નક્કી થયે ''પાટણ પ્રતિબિંબ'' માં જાહેરાત દવારા જણાવવામાં આવશે.

સભાસદના પરિવારમાં ૧૮ વર્ષથી ઉપરની ઉંમરના પુત્રોને સભાસદ તરીકે દાખલ કરવાના બાકી હોય તો સભાસદ દીઠ રૂ. ૫૦૦/- ની દાખલ ફી ભરીને તા. ૧૫ /૨/૧૦ સુધીમાં પોતાના ફોર્મ પહોંચાડવા વિનંતી છે.

સભાસદોના બદલાયેલા સરનામા, ફોન નંબર વિગેરે માહિતી લખી જણાવવી જેથી તેઓનો સંપર્ક કરવાની સરળતા રહે.

જ્ઞાતિના નિયમ મુજબ, કુટુંબના પુરૂષ સભાસદની ગેરહયાતીમાં તેમના પત્નીને લહાણાનો લાભ મળે છે, અને બંન્નેની ગેરહયાતીમાં તેમનો લહાણાનો હક રહેતો નથી. દંપતીને પુત્ર ન હોય અને ફક્ત પુત્રી/પુત્રીઓજ હોય તો તેઓએ લખી જણાવેલ ફક્ત એકજ પુત્રી ને લહાણાનો લાભ મળશે તેથી તે અંગેની વિગત લખી જણાવવા વિનંતી છે.

**અરવિંદ જીવાભાઈ**
ફો. નં. ૨૨૦૧૭૯૨૪ / ૨૨૦૧૭૫૯૫
મો. ૯૮૨૦૪૬૬૧૭૦
મે. જીવાભાઈ છગનલાલ એન્ડ સન્સ,
૨૪ ભાંગવાડી, ડી બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, કાલબાદેવી રોડ,
મુંબઈ - ૪૦૦૦૦૨

: સંપર્ક :
ફક્ત
બપોરે
૪ થી ૬
દરમિયાનજ

**શરદભાઈ રસિકલાલ શાહ**
ફો. નં. ૨૩૪૨૪૭૨૨ / ૨૩૪૨૬૩૩૮
મો. ૯૮૨૦૧૮૭૫૨૬
એસ. બાલુભાઈ એન્ડ કું.,
૨૩૮ નાગદેવી સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

# OUT DOOR GAME FINAL RESULT DATA

| | | 1 ST PRIZE | 2 ND PRIZE | 3 RD PRIZE |
|---|---|---|---|---|
| **Group A Male 5 to 8 Yrs** | 50 Meter (૫૦ મીટર) | જશ કુલદીપભાઈ શાહ | નીલાંશ પ્રણય શાહ | રીશીત આનંદભાઈ શાહ |
| | Lemon Spoon લીંબુ ચમચી | રીશીત આનંદભાઈ શાહ | નીતાઈ પ્રેમલભાઈ શાહ | યશ જૈનેશભાઈ શાહ |
| | 25 Meters Frog Race | રીશીત આનંદભાઈ શાહ | સાહીલ નિખિલભાઈ | માનવ નિત્યાભાઈ શાહ |
| | Ball Collect બોલ કલેક્ટ | રીશીત આનંદભાઈ શાહ | નિલાંશ પ્રણય | જશ કુલદીપભાઈ શાહ |
| **Group A Female 5 to 8 Yrs** | 50 Meter (૫૦ મીટર) | હિતાંશી તુષારભાઈ શાહ | ધ્વની આશિતભાઈ શાહ | રાજવી અમીતભાઈ શાહ |
| | Lemon Spoon લીંબુ ચમચી | જાન્હવી હેમંતભાઈ શાહ | ફેમીના વિપુલભાઈ શાહ | નૈશી નિશીતભાઈ શાહ |
| | 25 Meters Frog Race | પ્રણવી પુનીતભાઈ શાહ | ધ્વની આશિતભાઈ શાહ | ફેમીના વિપુલભાઈ શાહ |
| | Ball Collect બોલ કલેક્ટ | ધ્વની આશિતભાઈ શાહ | હિતાંશી તુષારભાઈ શાહ | રાજવી અમીતભાઈ શાહ |
| **Group B Male 9 to 11 Yrs** | 80 Meter (૫૦ મીટર) | જશ આશીષભાઈ પટણી | ધ્વનીત દિપેશભાઈ શાહ | કૌશીલ પરાગભાઈ શાહ |
| | Ball Collect બોલ કલેક્ટ | ધ્વનીત દિપેશભાઈ શાહ | જશ આશીષભાઈ પટાણી | નૈત્રમ પરાગભાઈ શાહ |
| | Lemon Spoon લીંબુ ચમચી | જશ અશીષભાઈ પટણી | સ્મિત હિતેનભાઈ શાહ | ધ્વનીત દિપેશભાઈ શાહ |
| | Sack Race કોથળા કુદ દોડ | કૌશીલ પરાગભાઈ શાહ | | |
| | | રોમીલ જતીનભાઈ શાહ | જશ આશીષભાઈ પટાણી | વિનિત આશીષભાઈ શાહ |
| **Group B Female 9 to 11 Yrs** | 80 Meter (૫૦ મીટર) | મૈત્રી ધનેશભાઈ શાહ | રિધ્ધી રાજેશભાઈ શાહ | મિલોની સંદિપભાઈ શાહ |
| | Ball Collect બોલ કલેક્ટ | મહેક કૌશલભાઈ શાહ | પુજા ઉત્પલભાઈ શાહ | ઈશા પ્રવિણ વાલસુર |
| | Lemon Spoon લીંબુ ચમચી | ક્રિશા નિખીલભાઈ શાહ | રિયા વિનિતભાઈ શાહ | રિધ્ધી રાજેશભાઈ શાહ |
| | Sack Race કોથળા કુદ દોડ | મિલોની સંદિપભાઈ શાહ | મનસ્વી નીરેનભાઈ શાહ | કોમલ ધીરેશભાઈ શાહ |
| **Group C Male 12 to 14 Yrs** | 100 Meter (૧૦૦ મીટર) | રૂશીત પ્રણયભાઈ શાહ | અમર આનંદભાઈ શાહ | મિત વિનયભાઈ શાહ |
| | Hardle Race વિધ્ન દોડ | કવીન પરાગભાઈ શાહ | મિત વિનયભાઈ શાહ | રૂશીત પ્રણયભાઈ શાહ |
| | Long Jump લાંબો કુદકો | અમર આનંદભાઈ શાહ | મિત વિનયભાઈ શાહ | કવીન પરાગભાઈ શાહ |
| **Group C Female 12 to 14 Yrs** | 100 Meter (૧૦૦ મીટર) | સલોની ભાવેશભાઈ શાહ | ચાંદની દેવેશભાઈ શાહ | હિરલ આશિતભાઈ શાહ |
| | Hardle Race વિધ્ન દોડ | સલોની ભાવેશભાઈ શાહ | હિરલ આશિતભાઈ શાહ | ચાંદની દેવેશભાઈ શાહ |
| | Long Jump લાંબો કુદકો | મૈત્રી ધર્મેશભાઈ શાહ | સલોની ભાવેશભાઈ શાહ | ચાંદની દેવેશભાઈ શાહ |
| **Group D+E Male 15 to 24 Yrs** | 100 Meter (૧૦૦ મીટર) | કવીશ પરાગભાઈ ઝવેરી | ગૌતમ નરેન્દ્રભાઈ શાહ | અંકીત પદમનાભ શાહ |
| | Shot Put ગોળા ફેંક દોડ | કવીશ પરાગભાઈ ઝવેરી | | |
| | Long Jump લાંબો કુદકો | શૈશવ શૈલેષભાઈ પટાણી | | |
| **Group D+E Female 15 to 24 Yrs** | 100 Meter (૧૦૦ મીટર) | શીખાણી મૌલિકભાઈ શાહ | પ્રિયલ રાજુભાઈ શાહ | જીનેલ કૌશીકભાઈ શાહ |
| | Shot Put ગોળા ફેંક દોડ | પ્રિયલ રાજીવભાઈ શાહ | | |
| | Long Jump લાંબો કુદકો | શીખાણી મૌલિકભાઈ શાહ | પુજા મયુરભાઈ શાહ | સિમોલ રાજીવ શાહ |
| **Group F- Male 26 to 45 Yrs** | 100 Meter (૧૦૦ મીટર) | મનીષ ચંદ્રકાંત શાહ | સચીન રજનીકાંત શાહ | હિતેન ધીરૂભાઈ શાહ |
| | Shot Put ગોળા ફેંક | પ્રણય પ્રકાશ શાહ | મનીષ ચંદ્રકાંત શાહ | સુચીત જયરાજ શાહ |
| **Group F- Female 26 to 45 Yrs** | 100 Meter (૧૦૦ મીટર) | મનીષા કૌશલ શાહ | અંજલી નિતેશ શાહ | હેતલ ભાવેશભાઈ શાહ |
| | Shot Put ગોળા ફેંક | અમીષી ભાવેશ શાહ | શીતલ સચીન શાહ | |
| | 400 Mtr. Walking ચાલવાનું | અમી નિખીલભાઈ શાહ | પ્રીયંકા સૌમીલ શાહ | હેતલ ભાવીન શાહ |
| **Group G Male 45 & above** | 100 Meter (૧૦૦ મીટર) | જતીનભાઈ કિર્તીકુમાર શાહ | મયુર અરવિંદભાઈ શાહ | કેતન મહેન્દ્રભાઈ શાહ |
| | Shot Put ગોળા ફેંક | જતીનભાઈ કિર્તીકુમાર શાહ | કમલેશભાઈ ચંપકલાલ શાહ | શૈલેષ ચંદ્રકાંત પટણી |
| | 400 Mtr. Walking ચાલવાનું | મયુર અરવીંદભાઈ શાહ | કેતન મહેન્દ્રભાઈ શાહ | શૈલેષ ચંદ્રકાંત પટણી |
| **Group G Female 45 & above** | 100 Meter (૧૦૦ મીટર) | પીના જનકભાઈ શાહ | હર્ષા અનિલભાઈ શાહ | બીંદુ કમલેશભાઈ શાહ |
| | Shot Put ગોળા ફેંક | દિપ્તી ભરતભાઈ મણીયાર | હર્ષા અનિલભાઈ શાહ | |
| | 400 Mtr. Walking ચાલવાનું | સોનલ રાજીવ શાહ | પીના જનકભાઈ શાહ | સંગીતા મયુરભાઈ શાહ |
| **સ્પેશીયલ** | Long Jump લાંબો કુદકો | કવીશ પરાગભાઈ ઝવેરી | સાગર જયકુમાર શાહ | હર્ષ કમલેશભાઈ શાહ |

# એક હજાર લખોટીઓ

એક દિવસ વહેલી સવારે એક બિઝનેસમેંને પોતાનો રેડિયો ઓન કર્યો. આમ તો દરરોજ એ એટલો બધો બિઝી (વ્યસ્ત) રહે કે રેડિયો, ટિ. વી. કે એવા અન્ય કોઈ મનોરંજનના સાધનોને એના જીવનમા સ્થાન જ નહોતું. રાતદિવસ પોતાના ધંધાના વિચારોમાં જ ખોવાયેલો રહેતો. એના બાળકો તેમ જ પત્ની એ પણ ભૂલી ગયા હતા કે છેલ્લે જોડે ભોજન ક્યારે લીધું હતું ? પછી ફરવા જવાનો કે પિકનિકનો તો સવાલ જ કયાંથી આવે ? એ શનિવાર એણે આમ જ રેડિયો શરૂ કર્યો હતો. ઘરના બાકીના સભ્યો હજુ સૂતા હતા. જો કે રેડિયો સાવ અમસ્તો જ નહોતો શરૂ કર્યો ! હકીકતમાં એ વખતે એણે બહારગામના કોઈ બિઝનેસમેંન જોડે મિટિંગ રાખેલી. કોઈ કારણોસર પેલાની ફ્લાઈટ કેન્સલ થઈ. એટલે હવે સવારના એક કલાકમાં શું કરવું એવી અવઢવમાં જ એણે રેડિયો ઑન કરેલો. રેડિયો ઓન કર્યો ત્યારે એના પર કોઈ વૃદ્ધ માણસ એક હજાર લખોટીઓની વાત કરી રહ્યો હતો. એ માણસના અવાજમાં અને એની વાતમાં એવું કંઈક હતું કે બિઝનેસમેંનને ધ્યાનથી સાંભળવાની ઇચ્છા થઈ આવી. એ વૃદ્ધ માણસ રેડિયો પરથી ટૉમ નામના પોતાના કોઈ મિત્રને સંબોધીને કહી રહ્યો હતો કે, 'ટૉમ ! તું જ્યાં હો ત્યાંથી આ ક્ષણે જો મારી વાત સાંભળી રહ્યો તો હવે પછી હું જે કંઈ કહું છું એના પર બરાબર ધ્યાન આપજે. હું જાણું છું કે તું ખૂબ જ બિઝી (વ્યસ્ત) રહે છે અને અઢળક પૈસા કમાઈ રહ્યો છે. પરંતુ તેં કયારેય વિચાર્યું છે કે એના કારણે તારે તારા ઘર અને કુટુંબથી કેટલો બધો વખત દૂર રહેવું પડે છે ?

ઘણોખરો વખત તું બિઝનેસ ટ્રીપ પર જ હો છો. તારા ઘરના આનંદના પ્રસંગોમાં પણ તું ગેરહાજર હો છો. તને યાદ હશે કે ગયા આઠવાડિયે તારી દીકરીના નૃત્યના કાર્યક્રમમાં તું હાજરી આપી શક્યો નહોતો, ખરૂં ને ?' એ વૃદ્ધે બોલતા બોલતા થોડો વિરામ લીધો. પેલા બિઝનેસમેંનને પણ હવે એની વાતમાં બરાબરનો રસ પડયો હતો. થોડુંક વોલ્યુમ વધારી એ ધ્યાનથી સાંભળવા લાગ્યો. રેડિયો પરથી પેલા વૃદ્ધે આગળ કહ્યું, 'ટૉમ ! મારા ભાઈ ! હું તને એક એવી વાત કહેવા માગું છું કે જેણે મારી જિંદગી જ બદલી નાખી છે. વાત એમ છે કે એક દિવસ મેં થોડુંક ગણિત માંડી જોયું. પુરૂષની સરેરાશ ઉંમર પંચોતેર (75) વરસની હોય છે. જોકે કેટલાક આનાથી વધારે તો વળી કેટલાક ઓછું પણ જીવતા હોય છે. પરંતુ સરેરાશ ઉંમર પંચોતેર વરસની હોય છે. હવે એ 75 ને 52 વડે ગુણી નાખ્યા, કારણ કે એક વરસમાં 52 શનિવાર હોય છે. ગુણાકાર આવ્યો 3900. એટલે કે આટલા શનિવાર સરેરાશ 75 વરસ જીવતા માણસને એની જિંદગી દરમિયાન મળે. (પરદેશમાં શનિવાર સૌથી આનંદનો દિવસ ગણાય છે. કારણ કે એના બીજા દિવસે રજા હોય છે !) જ્યારે મેં આ હિસાબ માંડેલો ત્યારે મારી ઉંમર હતી વરસ 55 ઉપર. એનો અર્થ કે એટલા વખત સુધીમાં હું લગભગ 2900 શનિવાર તો પસાર કરી ગયો હતો ! હવે જો હું 75 વરસ સુધી જ જીવવાનો હોઉં તો મારી પાસે ફક્ત 1000 શનિવાર બચ્યા હતા ! એનો સાવ સાદો અર્થ એટલો જ કે મારી પાસે આનંદ અને રજાના માત્ર એક હજાર દિવસ જ બચ્યાં હતાં ! મને આઘાત લાગ્યો કારણ કે મારી પાસે મારા કુટુંબ અને મિત્રો સાથે ગાળવાના ફક્ત એટલા જ દિવસો બચ્યા હતા. હું વિચારમાં પડી ગયો. ઘણો વખત વિચાર્યા પછી એ જ દિવસે ગામમાં જઈ, બેચાર સ્ટોરમાં રખડીને હું એક હજાર લખોટીઓ લઈ આવ્યો. એ લખોટીઓને મારા ટેબલ પર એક કાચની બરણીમાં ગોઠવી દીધી. દર શનિવારે હું એમાંથી એક લખોટી કાઢીને ફેંકી દઉં છું. જેમ હું એ બરણીને ખાલી થતી જોઉં છું તેમ તેમ મને મારા મિત્ર, સગાંવહાલાં અને કુટુંબીજનો માટે વધારે ને વધારે સમય ફાળવવાની ઇચ્છા થતી જાય છે. અગત્યના અને કરવા જેવાં કામોની મેં યાદી પણ બનાવી લીધી છે અને હા, તમારી જિંદગીના ઘટતા જતાં દિવસોની સંખ્યા તમને બાકીના દિવસોને જીવવા જેવા કઈ રીતે બનાવવા એ આપોઆપ સમજાવી દે છે !

રેડિયો પર એકાદ ક્ષણ માટે શાંતિ છવાઈ ગઈ. પછી ફરીથી એ વૃદ્ધનો અવાજ આવ્યો, 'હા તો ટૉમ ! આજે મારી એ કાચની બરણીમાંથી મેં છેલ્લી લખોટી કાઢી ! મારા દોસ્ત ! આજે મને 75 વરસ પૂરાં થયાં. અત્યારે હું મારી વહાલી પત્ની તેમ જ બાળકોને શહેરના મોટા અને આધુનિક રેસ્ટોરંટમાં નાસ્તો કરવા લઈ જવાનો છું. હવે મારી બરણી ખાલી છે. હવે પછીનો દરેક શનિવાર મને ભગવાન તરફથી મળેલ ભેટ હશે. હું ખરેખર ખૂબ જ આનંદથી જીવું છું. હું ઇચ્છું છે તું પણ તારા કુટુંબ સાથે આનંદથી જીવી શકે. એના લીધે પંચોતેરમાં વર્ષે શું ગમાવ્યું એનો અફસોસ ન રહે ! તું એવું કરી શકે એના માટે તને મારી શુભેચ્છાઓ ! હું હવે રજા લઉં છું દોસ્ત ! બાય !'

રેડિયો પર વાર્તાલાપ પૂરો થયો. એની અસર એવી હતી કે પેલો બિઝનેસમેંન ઊંડા વિચારમાં પડી ગયો. થોડી વાર પછી એ ઊભો થયો. બેચાર ફોન કરી કઈંક વાત કરી પછી ઉપરના માળે જઈ પોતાની પત્ની તેમ જ બાળકોને ઉઠાડયા. બધાને નવાઈ લાગી. કોઈ પણ વાર હોય. સવારના પાંચ વાગ્યામાં જ બિઝનેસની પળોજણમાં પડી જતાં એ માણસને આજે હળવા મૂડમાં જોઈ બધાને ખૂબ જ આશ્ચર્ય થતું હતું. છતાં કંઈ પણ બોલ્યા વિના બધા તૈયાર થવા લાગ્યા. ઘરના બધા જ સભ્યો તૈયાર થઈને નીચે બેઠકખંડમાં આવ્યા એટલે બિઝનેસમેંને એમને કહ્યું કે એ દિવસે બધાએ શહેરની સારામાં સારી હોટલમાં નાસ્તો કરવા જવાનું છે અને એ પછી બાજુના દરિયાકિનારે પિકનિક પર ! ઘરની દરેક વ્યકિત આનંદના આઘાતમાં સરી ગઈ. પણ કોઈએ કંઈ જ દલીલ કરી નહીં. એમની જિંદગીનાં પ્રથમ વખત આવેલી એ પળોને દલીલોથી દુષિત કરવાની કોઈની પણ ઇચ્છા નહોતી. બધા હોંશે હોંશે ગાડીમાં ગોઠવાયા. દરેકનો ચહેરો હસતો હતો. મનમાં કંઇક જુદા જ પ્રકારની ખુશી હતી. બાજારમાંથી પસાર થતી વેળાએ એક સ્ટોર પાસે એ બિઝનેસમેંને ગાડી ઊભી રાખી. બધા ચૂપ થઈ ગયા. એની પત્નીથી ન રહેવાયું એટલે એણે પૂછી જ લીધું કે, 'કેમ તમારો વિચાર બદલી ગયો કે શું ? અહીંયા કેમ ઊભા રહી ગયા ?' બિઝનેસમેન થોડી વાર વહાલથી એની સામે જોઈ રહ્યો. પછી હસીને બોલ્યો, : નહીં વહાલી ! વિચાર નથી બદલ્યો ! આ તો મારે થોડીક લખોટીઓ ખરીદવી છે !!

❑ **સંકલન - કલ્પેશ શાહ**

# અગત્યની સુચના

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા વિવિધ પ્રકારની મંજુર થયેલ સહાયની રકમ અરજદારને ઝડપથી પ્રાપ્ત થઈ શકે, તે માટે મંડળે ચોક્કસપણે આયોજન કરેલ છે, તેની વિગત નીચે મુજબ છે.

(૧) **પાટણ કો-ઓપ. બેન્ક લિ.** (૨) **બેન્ક ઓફ બરોડા** (૩) **ગ્રેટર બોમ્બે કો-ઓપ. બેન્ક લિ.** માંથી કોઈપણ એક બેન્કમાં અરજદારનું પોતાના નામનું ખાતું હોય તો નીચે જણાવ્યા મુજબ અરજદાર - ખાતેદારનુ પુરૂ નામ, બેન્ક ખાતા નંબર, બેન્કનું નામ અને શાખા લખીને મંડળમાં તાત્કાલિક મોકલાવી આપશો. જેથી હવે પછીની સહાયની રકમનો ચેક તે પ્રમાણે બેન્ક ખાતામાં સીધે સીધા C.B.S. સુવિધા દ્વારા ઝડપથી જમા કરાવી શકાય.

સહાયની રકમ લેવા માટે આવવા-જવાનો સમય બચશે. રેલ્વે-બસ-રીક્ષાનો ખર્ચ બચશે, આપની સહાયની વિગતો ખાનગી રહેશે અને વિના તકલીફે ત્વરિત સુવિધાનો લાભ મળશે. **જો આપનું સેવીંગ્સ ખાતુ ન હોય તો, આપની નજદિકની ઉપરોક્ત ત્રણ બેન્કમાંથી કોઈપણ એક બેન્કમાં સેવીંગ્સ ખાતું વહેલામાં વહેલી તકે દરેકે ખોલાવવાનું રહેશે.** બેન્કમાં ખાતું ખોલાવી તેની નીચે જણાવ્યા મુજબની વિગતો મંડળમાં તાત્કાલિક મોકલવા વિનંતી છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ખાતેદારનું પુરૂ નામ | : | ........................................ | બેન્કનું નામ | : | ........................................ |
| (બ્રાન્ચ) શાખા | : | ........................................ | ખાતાનો નંબર | : | ........................................ |

**ખાસ નોંધ : આપની ચેકબુકમાંથી રદ કરેલ ચેક અથવા ચેકની ઝેરોક્ષ એક નમુનારૂપે સાથે મોકલવો જરૂરી છે.**

**આ અંગેની જાહેરાત ચાર માસ અગાઉ પણ દરેકને રૂબરૂ તેમજ પાટણ પ્રતિબિંબ દ્વારા કરવામા આવેલ છે પણ ઘણા પરિવારજનોએ હજી તેનો અમલ કરેલ નથી તો આ અગત્યની સુચનાને આખરી સમજી તાત્કાલિક ખાતુ ખોલાવી લેશો.**

❑ **માનદમંત્રી (એડમીનીસ્ટ્રેશન)**

# SWAMI VIVEKANANDA

**Swami Vivekananda** is the chief disciple of the 19th century mystic **Shri Ramkrishna Paramhansa** and the founder of **Ramkrishna Mission.** He is considered a key figure in the introduction of Vedanta & Yoga in Europe & America & is also credited with rasing interfaith awareness, bringing Hinduism to the status of a world religion during the end of the 19th Century. **Vivekananda** is considered to be a major force in the revival of Hinduism in modern India. He is best known for this inspiring speech beginning with "sisters and brothers of America". through which he introduced Hinduism at the parliament of the **World's Religions at Chicago in 1893.**

**Swami Vivekananda** was born in an aritocratic Kayastha family of Colcutta in 1863. From his childhood, he showed inclination towards spirituality & God realization. Europe **He also established Vedanta Societies in America and England.** He later sailed back to India & 1897 he found the **Ramkrishna Math & Ramkrishna Mission,** a philanthropic & spiritual organization. **Swami Vivekananda is regarded as one of India's formost nation-builders.** His teaching influenced the thinking of other national leaders & philosophers. Like **Mahatma Gandhi, Jawaharlal Nehru, Subhas Chandra Bose, Aurobino Ghosh, Sarvepalli Radhakrishnan.**




## શ્રી પાટણ પાંજરાપોળ

ટ્રસ્ટ રજી. નંબર ઈ- ૩૯૯ પાટણ



**: સંચાલિત :**

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ - ખલીપુર**

**જીવદયા પ્રેમીઓને નમ્ર વિનંતી.....**

શ્રી પાટણ પાંજરાપોળ સંસ્થાને ગુજરાત રાજ્યમાં શ્રેષ્ઠ પાંજરાપોળ તરીકે ગુજરાત સરકારે એવાર્ડ આપેલ તે આપણા ગૌરવ સમાન છે.

| | | | |
|---|---|---|---|
| ૧. પશુ માટેનો શેડ (ગ્રેનાઈટ તકતી ઉપર નામ) | રૂા.૧,૦૦,૦૦૦ | ૬. પશુઓને માસિક દવા-ચિકિત્સા | રૂા. ૧૧,૦૦૦ |
| ૨. કાયમી તીથી નિભાવ ફંડ (આરસની તકતીમાં નામ) | રૂા. ૫૧,૦૦૦ | ૭. કાયમી ઘાસની તીથી | રૂા. ૫૦૦૦ |
| ૩. પશુઓને લાપશી માટેની કાયમી તિથિ (આરસની તકતીમાં નામ) | રૂા.૩૧,૦૦૦ | ૮. વાર્ષિક પશુ દત્તક યોજના | રૂા. ૩,૦૦૦ |
| ૪. પશુઓના આધાર સ્થંભ (આરસની તકતીમાં નામ) | રૂા. ૨૧,૦૦૦ | ૯. પક્ષીઓને કાયમી ચણ તિથિ | રૂા. ૨,૦૦૦ |
| ૫. પશુઓને એક દિવસનો ઘાસચારો | રૂા. ૧૫,૦૦૦ | | |





**જો હશે આપનું દાન......... તો બચશે પશુના જાન**

**મહીનામાં નીચે મુજબ દાન પ્રાપ્ત થયા છે.**

**સંસ્થાને આપેલ દાનની રકમ ૮૦ જી હેઠળ ઈન્કમટેક્ષમાં બાદ મળે છે.**

૧. **નવા બોર માટે :** માતબર રકમ **શ્રી વિજયભાઈ હીરાલાલ શાહ** - કસુમ્બીયા પાડા

૨. **શેડ અને જીવો છોડાવવા અને નિભાવવા માટે :** માતબર રકમ **થાઈલેન્ડ સંઘ તરફથી**

સંપર્ક : મુંબઈ : મે. પ્રવીણચંદ્ર એન્ડ કું., ૨૧ ભાંગવાડી શોપીંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૨. ફોન : ૨૨૦૫૨૦૫૮ ● મે. સી. વાડીલાલ એન્ડ કું. મુંબઈ -૩. ફોન : ૨૩૪૨ ૯૦૧૨/ ૨૩૪૨ ૯૦૧૩ ● પાટણ : શ્રી પાટણ પાંજરાપોળ, પીંપળા શેરી, આઝાદ ચોક, પાટણ (ઉ.ગુ.) ફોન : ૨૨૦૨૦૩

**જીવદયા વિના ધર્મ નહીં, ધર્મ વિના સુખ-શાંતિ આબાદી નહીં.**

જા x ખ

**સૌજન્ય : પ્રવીણચંદ્ર એન્ડ કું. ભાગવાડી, મુંબઈ**

## ક્યાં ગયો એ જમાનો ?

ભારત દેશ પ્રાચિન સમયથી તેની સંસ્કૃતિના કારણે બીજા દેશોથી અલગ તરી આવે છે. વિવેક- પ્રમાણિકતા-સદાચાર-સંપ-સહિષ્ણુતા અને પ્રેમ ભાવના આ બધા ગુણો ભારતવાસીઓને ગળથૂથીમાં જ મળેલા હોય છે. રામાયણ અને મહાભારતના સમયમાં પણ ભારત દેશ તેની સંસ્કૃતિ માટે જાણીતો હતો.

ભગવાન શ્રી મહાવીર - ભગવાન શ્રી રામ અને ભીષ્મ પિતામહની માતૃભક્તિ અને પિતૃભક્તિ લક્ષ્મણ અને ભરતનો ભાઈ પ્રત્યેનો પ્રેમ - પાંડવોની ધર્મ નિતિ અનન્ય હતાં.

ભગવાન શ્રી મહાવીર ગર્ભમાં પણ માતાના સુખ- દુઃખનો ખ્યાલ રાખતા હતા. પિતાના વચનને ખાતર ભગવાન શ્રી રામે ચૌદ વરસ વનવાસ સ્વીકાર્યો. અપર માતા કૈકેઈનો તિરસ્કાર ન કર્યો. પણ પોતાની સગી માતા જેટલું માન આપ્યું. ભીષ્મ પિતામહે પિતાના સુખ ખાતર આજીવન કુંવારા રહેવાનું પસંદ કર્યું. ભરત અને લક્ષ્મણે ભાઈના પ્રેમ ખાતર રાજ્યનો મોહ ન રાખ્યો. ત્યાગની ભાવના રાખી. શ્રવણે અંધ મા-બાપને કાવડમાં બેસાડી જાત્રા કરાવી.

આમ પ્રાચીન કાળથી જ આદર્શમય જીવનનો સંદેશ મળતો રહ્યો છે. આવી માતૃભક્તિ - પિતૃભક્તિ અને ભાઈ પ્રત્યેનો પ્રેમ આજના જમાનામાં એક સ્વપ્ન બની ગયું છે. આજનો યુવાન આધુનિકતાના નામે સ્વચ્છંદી બની ગયો છે. વિનય-વિવેક ભુલાઈ ગયાં છે. પ્રમાણિકતા-સદાચાર અને સંપને દેશવટો અપાઈ ગયો છે. મા-બાપને પગે લાગતાં શરમ આવે છે. કમાતો થાય અને લગ્ન થાય પછી તો પુરો પલટો આવી જાય છે.

બહું જ ઓછા કુંટુબમાં છોકરાઓને મા-બાપની હાજરી ગમે છે. ભાઈ-ભાઈ સાથે ભર્યા કુટુંબમાં રહેવાનું ગમે છે. આવા ઘરોમાં વાતાવરણ આનંદીત લાગે છે.

મોટા ભાગે છોકરાઓ મા-બાપને જુનવાણી ગણી તુચ્છકારતા હોય છે. અનેક દુઃખો વેઠી છોકરાઓને મોટા કર્યા હોય તો પણ છોકરાઓ અલગ રહેવાનું પસંદ કરે છે. ઘરમાં આવેલા મહેમાનોને મા-બાપની ઓળખાણ કરાવવામાં શરમ આવે છે. જે મા-બાપની આંગળી પકડી ચાલતાં શીખ્યાં હોય તેમની સાથે બે ઘડી પ્રેમ ભરી વાત કરવાની પણ ફૂરસદ નથી હોતી. બસ, પોતે, પત્નિ અને પોતાના બાળકો સિવાય બીજી દુનિયામાં તેમને રસ નથી.

પૂત્રવધૂ પણ પોતાના મા-બાપે આપેલા સંસ્કાર ભુલી જાય છે, જે સાસુ - સસરાએ તેને પસંદ કરી ઘરમાં આવકારી, એમનાથી અલગ થવા પતિને દબાણ કરે છે. સાસુ-સસરાએ વસાવેલા ઘરમાં તેમનો કોઈ જ હક ન હોય તેમ પોતાનું વર્ચસ્વ જમાવે છે. મા-બાપ કે સાસુ-સસરા અથવા વડીલોનું અપમાન કરવું એ આજના યુવક-યુવતીને સહેલું લાગે છે.

પોતાના મા-બાપને માન આપતી યુવતી સાસુ-સસરા પ્રત્યેની ફરજ ભુલી જાય છે. પોતાનું બાળક મોટુ જાઈને આમ જ શીખશે, અને પોતાને અપમાનીત કરશે, એવો વિચાર નથી આવતો. સાસુ-સસરા વિરૂદ્ધ કાન ભંભેરવા અને પતિને પોતાના મા-બાપ અને ભાઈ-બહેનોથી વિમુખ કરવામાં આજની યુવતી હોંશિયાર હોય છે.

પોતાનો પુત્ર મોટો થશે અને સુખ આપશે એવી આશા દરેક મા-બાપને હોય છે. પણ આજનો યુવાન મા-બાપને માનસિક ત્રાસ આપવામાં પહેલો નંબર લાવે છે. અરે ! કેટલાંક મા-બાપને તો 'ઘરડા ઘર' (વૃધ્ધાશ્રમ) માં જવું પડે છે.

ક્યાં ગયો શ્રવણનો જમાનો ? ક્યાં ગઈ શ્રી રામ અને ભીષ્મ પિતામહની માતૃભક્તિ અને પિતૃભક્તિ ? ક્યાં ગયો ભરત- લક્ષ્મણનો ભાતૃભાવ ?

ફરી આવશે એ જમાનો ? **શ્રી કોકીલાબેન બી. શાહ**

## જિંદગી અને તમે !

**ભાઈ શ્રી / બહેન શ્રી,**

હું ભગવાન - આજે તમને શબ્દો લખવા માંગું છું. ધ્યાનથી વાંચજો. આજે તમારી જીંદગી ના બધા જ પ્રશ્નોનું નિરાકરણ કરી શકાય તેવો રસ્તો તમને બતાવવાનો છું. એટલું યાદ રાખજો મારે તમારી મદદથી કોઈ પણ જગ્યાએ જરૂર પડવાની નથી. હું તમારી પાસે સીધો આવવાનો પણ નથી. તમારે ફક્ત નીચેના મુદ્દાઓ યાદ રાખવાના છે અને એ મુજબ પાલન કરવાનો પ્રયત્ન કરવાનો છે :

૧) જીંદિગી તરફથી એવી કોઈ સમસ્યા ઊભી થાય કે જે તમારાથી હલ ન થઈ શકે તો એને મારા નામની પ્રાર્થનાના પોસ્ટબૉક્સમાં મૂકી દેવી. એના ઉપર-ભગવાન માટે-એવું અવશ્ય લખવું. એક વખત આ બૉક્સમાં સમસ્યા મૂક્યા પછી વારંવાર એને બહાર કાઢીને તપાસ્યા ન કરવું. એનું નિરાકરણ ચોક્કસ થશે. પણ હા ! મારા સમયે, તમારા સમયે નહીં !
૨) તમે ધંધાની કોઈ આફતમાં ઘેરાઈ જાવ તો મૂંઝવણ ન અનુભવશો. ફક્ત એવા માણસોને યાદ કરજો કે જેની પાસે ધંધો જ નથી.
૩) ટ્રાફીકમાં ક્યારેય પણ ફસાવ તો અધીરા ન થશો, એવા લોકોને યાદ કરજો કે જેને માટે કાર ચલાવવી એ એક પરીકથાની વસ્તું જેવું હોય.
૪) તમારા શેઠ કે સાહેબ તમને ક્યારેક ખિજાય તો એવા માણસોનો વિચાર કરજો કે જેમના નસીબમાં કામ કે નોકરીમાં કામ કે નોકરી લખાયા જ ન હોય. જે સાવ બેકાર હોય.
૫) તમારો એકાદ રવિવાર કે રજા ખરાબ જાય તો દુઃખી થવાને બદલે એવા લોકોનું સ્મરણ કરી લેજો કે જેને કુટુંબનું પેટ ભરવા માટે રોજેરોજ કપરી મજૂરી કરવી પડતી હોય. જેનો એક પણ રવિવાર રજાનો દિવસ જ ન હોય.
૬) ક્યારેક વાહન વગર ચાલવાનું થાય તો અફસોસના બદલે બંને પગે જેને પૅરાલિસિસ કે લકવો થયો હોય તેવી વ્યક્તિને યાદ કરજો. એમને એકાદ ડગલું પણ ચાલવા મળે તો એ લોકો કેટલો આનંદ પામે એનો વિચાર કરજો.
૭) તમારી જિંદગીએ તમને શું આપ્યું છે એવો વિચાર કદીકેય આવે તો એવા લોકોને યાદ કરજો જે તમારા જેટલી ઉમરે પહોચ્યા જ ન હોય. એ પહેલાં જ જેને મૃત્યુ આંબી ગયું હોય.
૮) કોઈ તમારી સાથે ખૂબ જ ખરાબ વર્તન કરે, તમારૂં અપમાન કરે, તમને નુકસાન પહોચાડે તો પણ ખુશ એ વાતથી થજો કે તમે એ વ્યક્તિ નથી.
૯) કોઈ દિવસ અરીસામાં એકાદ સફેદ વાળ જોઈ જાવ તો કૅન્સરથી પીડાતાં નાના બાળકો કે નાની ઉમરની વ્યક્તિઓને યાદ કરજો કે જે પોતાને વાળ હોય તેવી આશા રાખતાં હોય.

અને છેલ્લે.... હું તમારા પ્રશ્નોનું નિરાકરણ કરીશ જ. વિશ્વાસ રાખજો પણ ત્યાં સુધીમાં જો તમને આ બાબતો ગમી હોય તો તમારા મિત્રોને સગાંવ્હાલાંને મોકલજો અને એમનો દિવસ પણ સુધારજો અને એ લોકો પણ નિશ્ચિંત થઈ જાય તેવું કરજો.

**ભગવાનની આશિષ**

# The Joy of Blood Cancer

This is strange title about my experience with a life threatening disease.

I was diagnosed with blood cancer about 3 years back. My entire family was shattered. Few months earlier my sister had died due to blood cancer.

However, we regained our confidence quickly and decided to fight the disease. I decided to make the best use of the remaining time available with me.

After the death of my sister, I decided to get a Bone Marrow Donor Registry formed in India. We established Marrow Donor Registry (India). Our project requires an expense of Rs. 500 crores over 10 years to recruit one million Marrow donors. As Hon. Treasurer i was in touch with large number of Medical Oncologists and Hematologists. They gave me a realistic picture and suggested to have a very positive attitude. I am happy to say that I have now fully recovered from the disease, even though it can recur again at any time.

During my illness, whenever any relative came to see me, they will act kinder than usual. I knew that at the back of their mind, they were thinking that I am living my last few days. I was very amused by this.

I was told chemotherapy is extremely painful. However, after every session of chemo, I used to go to my office directly from the doctor's clinic. Similarly, after bone marrow aspiration I attended the office immediately. My doctor brought new patients who were afraid of chemotherapy to me to show how calm I was and joking with the clinic staff.

